# પ્રાંતિજમાં છેલ્લા ચાર દિવસથી સ્ટેમ્પ ન હોવાથી સ્ટેમ્પ ગ્રાહકો પરેશાન

## ઈ.સ્ટેમ્પીંગ માટે અડધો દિવસ નિકળી જાય છે : સ્ટેમ્પ ગ્રાહકોને દસ મીનીટનું કામ આખો કે અડધો દિવસ કાઢવો પડે છે

પ્રાંતિજ, તા. ૨૯
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લાં ચાર દિવસથી સ્ટેમ્પ ના હોવાથી સ્ટેમ્પ માટે સ્ટેમ્પ ગ્રાહકોને આમ તેમ ધક્કા ખાય છે. સરકાર દ્વારા ઈ.સ્ટેમ્પીંગ સુવિધા માત્ર કહેવાજ પુરતી હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવ છે.

પ્રાંતિજ ખાતે માર્ચ એડીંગને લઈને સ્ટેમ્પ વેન્ડરો દ્વારા સ્ટેમ્પ ના હોવા તથા બજારમાં ૨૦ તથા ૧૦૦ના સ્ટેમ્પની અછત હોવાથી ખાસ કરીને ૧૦૦નો સ્ટેમ્પ માટે સ્ટેમ્પ ગ્રાહકોને આમ તેમ ભટકવાનો વારો આવ્યો છે. સરકાર દ્વારા જનસેવા વિભાગમાં ઈ.સ્ટેમ્પીગ માટેની અલગ વ્યવસ્થા કરેલ છે. પણ હાજર કોમ્પ્યુટર ઓપરેટરો




આળસુ અને કામમાં રસ ના ધરાવતા ગપ્પા મારતાં માત્ર ૧૦ મીનીટનું કામ માટે અડધો દિવસ નિકળી જાય છે. ઈ.સ્ટેમ્પીગ ગ્રાહકો સાથે ઓપરેટરો તુમાસાભર્યું વર્તન કરતાં ગ્રાહકો ઉપલા અધિકારીને ફરીયાદ કરીશું તેમ કહે છે.

કોમ્પ્યુટર ઓપરેટરો કહે છેકે અમે પોતેજ સાહેબ છીએ અમારો કોઈજ સાહેબ નથી જેને લઈને હાલ તો ઈ.સ્ટેમ્પ ગ્રાહકોમાં રોષ જોવા મલ્યો છે. હમણાં બેલેન્સ નથી, ઓનલાઈન નથી જેવી વાહિયાત વાતો કરી ઈ.સ્ટેમ્પીંગ ગ્રાહકો અડધો દિવસ નિકળી જાય છે. માત્ર ૧૦ મિનિટના કામમાં જનસેવા વિભાગમાં જ અડધો દિવસ નિકળી જતાં સ્ટેમ્પ ગ્રાહકોમાં રોષ જોવા મલ્યો છે. જવાબદાર તંત્ર તથા અધિકારી હાલ તો ઘોર નિદ્રામાં હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે. તાત્કાલિક ધોરણે લોકોને સરકાર દ્વારા સુવિધા મળી રહે અને સરળ રીતે મળી રહે તેવી હાલ તો લોકોની માંગ ઉઠવા પામી છે અને આવા આળસુ ઓપરેટરોને હટાવી તેમની જગ્યાએ નવા ઓપરેટરોને મુકવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે. ત્યારે જ ખરેખર ખરા અર્થમાં જનસેવા કહેવામાં આવશે તેમ કહીએ તો નવાઈ નહીં.

### ટેઝરી અધિકારી ભટ્ટનું શું કહેવું છે

આમ તો સ્ટેમ્પ વેન્ડરોને પુરતા અને જોઈએ એટલા સ્ટેમ્પ આપીએ છીએ સ્ટેમ્પની બજારમાં કોઈ અછત હોય તેવી અમારા સુધી કોઈ બુમ આવી નથી. હાલ ૧૦૦નો સ્ટેમ્પની થોડી ગણી અછત છે પણ તે બાબતે હજુ અમારી પાસે કોઈ ફરીયાદ આવી નથી. ઈ.સ્ટેમ્પીંગમાં અમારી કોઈજ જવાબદારી આવતી નથી. તે તો પ્રાંન્ત ઓફિસની જવાબદારી છે.

### સ્ટેમ્પ વેન્ડરોનું શું કહેવું છે

અત્યારે માર્ચ એડીંગ હોવાથી અમો હિસાબોને લઈને કામકાજ પુરતાં જ સ્ટેમ્પ અમારી પાસે છે અને જો કોઈ ગ્રાહક સ્ટેમ્પ માટે આવે તો તેને ઈ.સ્ટેમ્પીંગ માટે જનસેવામા મોકલીએ છીએ.

### સ્ટેમ્પ ગ્રાહકોનું શું કહેવું છે

બજારમાં અમે ત્રણથી ચાર સ્ટેમ્પ વેન્ડરો પાસે ફર્યા પણ સ્ટેમ્પ ના હોવાથી બધાએ જનસેવામાંથી લઈ આવો તેવું કહેતા જનસેવામાં આવતાં અહીં તો માત્ર દસ મીનીટના કામને લઈને અડધો દિવસ નિકળી જાય છે અને ખોટી રીતે જનસેવામાં અમોને બેસાડી રાખી ખોટી રીતે હેરાન કરવામાં આવે છે.

# ગુજરાતના વિવિધ સ્થળેથી બાઈક ચોરીને અંજામ આપતા મોડાસાના સદ્દામ ઉર્ફે ઝુઆરી મલેક ઝડપાયો

મોડાસા, તા. ૨૯
અરવલ્લી જીલ્લામાં બાઈક ચોરીના બનાવોમાં નોંધપાત્ર વધારો થતા અને મોડાસા શહેર તથા જીલ્લામાં વાહનોની ચોરી કરતી ગેંગ સક્રિય બની જિલ્લાની પોલીસને પડકાર આપી જાણે તસ્કરોને પોલીસનો ડર ના હોય તેમ અને મોડાસા શહેર અને અન્ય વિસ્તારમાંથી બાઈક ઉઠાંતરીના કિસ્સાઓ બનતા પોલીસ તંત્ર સફળા જાગી બાઈક ચોરીની ઘટના અટકાવવા માટે બાઈક ચોર સહીત ચોર ગેંગને ઝડપી પાડવા ટાઉન પોલીસ સતર્ક



બની અલગ અલગ ટિમ બનાવી મોડાસા શહેર અને આજુબાજુના વિસ્તારોમાં તાપસ હાથ ધરી પેટ્રોલિંગની કાર્યવાહી હાથ ધરતા પોલીસ પેટ્રોલિંગ દરમિયાન બુધવારે મોડાસાના સૂકા બજાર રોડ પરથી શંકાસ્પદ સદ્દામ ઉર્ફે ઝુઆરી સાબીર મલેકની અટકાયત કરી સઘન પૂછપરછ કરતા ૮ બાઈકની ચોરી કરી હોવાનું બહાર આવતા પોલીસ વધુ તપાસ હાથ ધરી બીજો કોઈ અન્ય શખ્સ સામેલ છે કે નહી તે દિશામાં તાપસ હાથ ધરી હતી.

મોડાસા શહેર વિસ્તારના ડુંગરવાડા ચોકડી ખાતે પોલીસ પેટ્રોલિંગ દરમિયાન પોલીસને બાઈક પર સવાર સદ્દામ ઉર્ફે સાબીર મલેક ઉ.વ ૨૪ પાસેથી કાળા કલરની મોટર સાયકલ શકમંદ હાલતમાં મળી આવતા પોલીસે આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ આરોપીની પોલીસે આગવી ઢબે પૂછપરછ કરતા મોડાસા શહેર વિસ્તાર, લુણાવાડા, અમદાવાદ અને હિંમતનગરમાંના અલગ અલગ જગ્યાએથી મોટરસાયકલ અને મોપેડની ૮ જેટલી ચોરી કર્યાનું બહાર આવતા પોલીસે આરોપી પાસે થી ૮ વાહનો સહિત રૂપિયા ૧.૮૫ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી કેવા સંજોગોમાં કેવી રીતે અને કોની સાથે મળી વાહનચોરીને અંજામ આપતો હતો તે દિશામાં પોલીસે વધુ તપાસ આરંભી દઈ કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. તાલુકા અને જિલ્લાના મથકોના ભરચક વિસ્તારમાં બાઈકોની ચોરી કરી ચોરી બાઈકો કોને પધરાવતો હતો તે દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે ત્યારે હજુ પણ વધુ બાઈકચોરી સહીત અન્ય વાહનોનીચોરીની ઘટનાના ભેદ ઉકેલાય તો નવાઈ નહિ.

## ભિલોડા તાલુકાના ભાણમેર ગામમાં બરંડા પરીવારના કુળદેવી ધનમાતાનો મહોત્સવ ઉજવાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ભાણમેર ગામમાં રામનવમીના પાવન પર્વ નિમિત્તે મુળ નિવાસી બલવાડા ડુંગરપુરના કુંવર ડુંગર બરંડા રાજાના વંશજો ધ્વારા ભાણમેર ગામમાં બરંડા પરીવારના ધનમાતા કુળદેવી મહોત્સવ નિમિત્તે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. બરંડા પરીવારના વડીલોનું શાલ ઓઢાડી,ફુલછડી,મોમેન્ટો આપી વિશેષ સન્માન કરાયું હતું. બરંડા પરીવારના કુળદેવી ધનમાતા મહોત્સવ નિમિત્તે પુજન વિધિનો કાર્યક્રમ યોજાયો હતો.ભાવિક ભક્તોએ દર્શન કરી આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી. કમજીભાઈ બરંડાની રાહબરી હેઠળ ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો. સંગ્રામભાઈ બરંડા, હસમુખભાઈ બરંડા, ઉર્વશીબેન બરંડા, વિમળાબેન બરંડા સહિત બરંડા પરીવારએ ધાર્મિક કાર્યક્રમ નિમિત્તે ભાગ લીધો હતો.

# પ્રાંતિજના નનાનપુર ખાતે આત્મ વિલોપનની ધમકી બાદ દબાણ હટાવાયું

પ્રાંતિજ, તા. ૨૯
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લા કેટલાક દિવસથી ગ્રામપંચાયતની ચૂંટણી બાદ ગામમાં બે પક્ષો વચ્ચે દિવસથી ગામમાં બે પક્ષો વચ્ચે બોલાચાલી બાદ એક બીજા ઉપર પોલીસ ફરીયાદ થઈ હતી બાદમાં નનાનપુરમાં રહેતા સવિતાબેન રમણભાઈ વણકર દ્વારા દબાણ નનાનપુર ગામે આવી નનાનપુર ખાતે આવેલ દબાણો દુર કર્યા હતાં. આજે બીજા તબક્કામાં પણ દબાણ દુર કરવામાં આવ્યું હતું જેમાં વણકર રેવીબેન સદાભાઈ જેવોએ



તુ...તુ...મે...મે... સજાઈ હતી અને ઉગ્ર સ્વરૂપ બાદ એક બીજા ઉપર પોલીસ ફરીયાદ બાદ એક મહિલા દ્વારા દબાણ મુદ્દે આત્મ વિલોપનની ધમકી અપાતા તંત્ર દ્વારા દબાણ દુર કરવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ નનાનપુર ગામે ગ્રામપંચાયતની ચૂંટણી બાદ છેલ્લા કેટલાક મુદ્દે આત્મ વિલોપનની ધમકી આપવામાં આવી હતી. જેને ધ્યાને લઈને પ્રાંતિજ મામલતદાર પટ્ટણી, નાયબ મામલતદાર ડી.એલ. રાઠોડ તથા હિંમતનગર ડી.આઈ.એલ.આર ટીમ, તાલુકા વિકાસ અધિકારી જે.એચ. કાપડીયા, નનાનપુર તલાટી કલ્પેશભાઈ પટેલ, પ્રાંતિજ પીઆઈ વી.આર. ચાવડા તથા પોલીસ ટીમ ચાર વિઘામા દબાણ કર્યું હતું તથા તદઉપરાંત અન્ય છ ખેડૂતોનું ત્રણ વિઘા જેવું દબાણ દુર કર્યું હતું. પ્રાંતિજ મામલતદાર ટીમ સહિત પ્રાંતિજ પીઆઇ ઉપાધ્યાય તથા પીએસાઈ એમ.બી. ગજ્જર તથા પી.એન ઝાલા સહિત પોજીસ ટીમ ઉપસ્થિત રહી સરકારી જમીનમાં કરેલ દબાણ દુર કરવામાં આવ્યું હતું.

# સરહદી વિસ્તારમાં સુવિધાસભર અનોખુ સરકારી શાળા સંકુલ

થરાદ, તા. ૨૯
થરાદ તાલુકાના વાતડાઉની પ્રાથમિક શાળા છે. જ્યાં ૫૪૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ શાળામાં કુલ ૮ ધોરણ છે (૧થી ૮) આ સ્કૂલમાં ૧ ધોરણના ૨ વર્ગ એમ કુલ ૧૬ વર્ગ છે અને જેમાં ૧૭ શિક્ષકો છે જેમાં ૧૪ શિક્ષકો રેગ્યુલર અને ૩ પ્રવાસી શિક્ષકો છે અને આ શાળામાં ૧૭ શિક્ષકોમાંથી ૧૨ શિક્ષકો તો ગામના જ છે. આ શાળા રાજસ્થાન બોર્ડરથી ફક્ત પાંચ કિલોમીટર દૂરી પર આવેલી છે. આ શાળા માં વિદ્યાર્થીઓ ને પ્રાર્થનામાં બેસવા માટે ગામના એક દાતા વાગડા નારણભાઈ રાવતાજી તરફથી મોટો પ્રાર્થનાખંડ (શેડ) બનાવી આપવામા આવ્યો છે.

આ શાળામાં એક શરસ્વતી મંદિર બનાવવામાં આવ્યું છે. એ પણ ગામના એક દાતા કાગ વિરાજી રૂપાજી તરફથી બનાવવામાં આવ્યું છે અને શાળાને શોભાવતો એક મોટો દરવાજો ૧.૫ લાખના ખર્ચે બનાવવામા આવ્યો છે એ પણ જે કોઈ સરકારી ગ્રાંટમાંથી નહીં પણ શાળાના સ્ટાફના અને ગામના લોકોના ફાળામાંથી બનાવેલો છે.



ગામના એક દાતા વાગડા આંબાજી પીરાજી તરફથી બનાવવામાં આવ્યો છે. આ શાળામાં પ્રવેશ કરો ત્યાં બહુ મોટી જગ્યામાં બગીચો બનાવેલ છે.

આ શાળાના વિદ્યાર્થીઓને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે શિક્ષકોના સ્ટાફ તરફથી શાળામાં પાણીનો બોર પણ બનાવવામાં આવેલ છે.

આ શાળામાં સરકાર દ્વારા બે જ્ઞાનકુંજ શાળાના વિદ્યાર્થીઓને ભણાવવા જ્ઞાન આપવા માટે આપવામાં આવ્યા હતા. તે જ્ઞાનકુંજ દેખતાં ગામના લોકોએ પણ શાળા માટે ગામના લોકો દ્વારા પાંચ જ્ઞાન કુંજ આપવાની જાહેરાત કરી હતી. આ જ્ઞાનકુંજની અંદાજિત કિંમત ૬ લાખ રુપિયા થાય છે.

એટલુંજ નહીં પણ આ શાળામાં નોકરી કરી રહેલા વરજાન્ગભાઈ એસ. ચૌહાણે જણાવ્યું હતું કે હું ૧૯૮૩થી આ શાળામાંજ નોકરી કરું છું અને મારો એક ભાઈબંધ અને ૨૭ વર્ષ પહેલાં આ શાળામાં નોકરી કરી ચૂકેલા ચંદુભાઈ ધનજીભાઈ પટેલ આ શાળાના વિકાસ માટે હજુ સુધી પણ ભોગ આપે છે તેમને આ શાળામાં શરસ્વતી દેવી, જાપાની બાળક, ભારતના નકસા જેવી કુતીઓનું પોતાની મહેનતે સર્જન કરેલ છે.

આ શાળાના કેટલા વિદ્યાર્થીઓ નવોદય વિદ્યાલય દાંતીવાડાની પરીક્ષા પાસ કરીને ત્યાં અભ્યાસ કરે છે અને એમનો પૂરો ખર્ચ સરકાર ભોગવે છે.

# ખેડબ્રહ્માની શેઠ કે.ટી. હાઈસ્કૂલમાં લીગલ લીટરસી કલીનીકની સ્થાપના કરાઈ

ખેડબ્રહ્મા, તા. ૨૯
ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ અને સાબરકાંઠા જીલ્લા કાનુની સેવા સત્તા મંડળના



માર્ગદર્શન હેઠળ બુધવારના રોજ ખેડબ્રહ્મા તાલુકા કાનુની સેવા સમિતી દ્વારા ખેડબ્રહ્માની શેઠ કે.ટી. હાઈસ્કૂલમાં લીગલ લીટરસી કલીનિકની સ્થાપના કરવામાં આવી છે. ન્યાય એ દરેક સુસંસ્કૃત રાષ્ટ્ર માટેની આધારશિલા તથા મુળભૂત ધ્યેય છે. દેશના દરેક નાગરીકને કાયદાઓની સમજ હોવી જ જોઈએ. તેથી જો કાયદા વિશે યુવા પેઢીને શિક્ષિત કરવામાં આવે તો ભવિષ્યમાં કાયદાને વળગી રહેનાર નાગરીક તરીકે તેઓ એક અલગ વ્યક્તિ તરીકે ઉભરી આવશે. તેથી કાનુની સાક્ષરતાને પ્રોત્સાહિત કરવા માટે તથા કાયદા હેઠળના હકો તથા વિશેષાધિકારોની અજ્ઞાનતા દૂર કરવા માટે જાગૃતી લાવવાના અભિયાન હેઠળ આ લીગલ લીટરસી કલીનીકની સ્થાપના કરવામાં આવી છે. કલીનીકમાં હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે કાયદાના પુસ્તકો, કોમ્પ્યુટર, ટેબલ-ખુરશી પણ અર્પણ કરવામાં આવ્યા હતા.

કલીનીકનુ ઉદઘાટન ખેડબ્રહ્મા કોર્ટના સીનીયર સીવીલ જજ કુ. જે.વી. પરમારે કર્યુહતુ. સાથે કોર્ટના રજીસ્ટ્રાર પ્રતિમા થાપા, લિટરસી કલબના ઈન્ચાર્જ દિપકભાઈ પટેલ, શાળાના પ્રમુખ અશ્વિનભાઈ જોષી, આચાર્ય વિભાષભાઈ રાવલ, બાર એસોસિયેશનના પ્રમુખ વિરલ વોરાજસુભાઈ પંચાલ તથા વકીલો અને વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડા બહેરાં-મુંગા બાળકોની શાળામાં જન્મદિનની ઉજવણી

ભિલોડા,તા.૨૯
ભિલોડા-નવા ભવનાથ બહેરાં-મુંગા બાળકોની શાળામાં જન્મદિનની ઉજવણી કરાતાં બહેરાં-મુંગા માસુમ બાળકોમાં આનંદની લાગણી પ્રસરી હતી. ભિલોડા મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા એન.એમ. ચૌધરીના જન્મદિન નિમિત્તે જન્મદિનની ઉજવણી બહેરાં-મુંગા બાળકોની શાળામાં કરાતાં બાળકોમાં આનંદની લાગણી પ્રસરી હતી. બહેરાં-મુંગા બાળકોને શિક્ષણને લગતી ચીજવસ્તુઓ અપાઈ હતી.

## ભિલોડા તાલુકાના નાંદોજ ગામમાં મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ભિલોડા તાલુકાના નાંદોજ ગામમાં મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો.ઉદય સેવા સંસ્થાન, ભિલોડાના સામાજીક કાર્યકર જીતુભાઈ ભાટીયા, રાજુભાઈ સોની, રોહિતભાઈ પટેલ સહિત વિવિધ કાર્યકરો ધ્વારા ધી નાંદોજ દુધ ઉત્પાદક સહકારી મંડળીના હોલમાં મફત નેત્ર નિદાન કેમ્પમાં ૬૦ થી વધુ દર્દીઓની આંખોની ચકાસણી કરવામાં આવી હતી. ધી નાંદોજ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.ચેરમેન માંકમભાઈ પટેલ, સેક્રેટરી કિરણભાઈ પટેલ સહિત ગ્રામજનોએ મફત નેત્ર નિદાન કેમ્પ સફળ બનાવ્યો હતો.

# અંબાણી પરિવારનો દીકરો આકાશ અંબાણી પાલનપુરનો જમાઈ બનશે

ભારત દેશના સૌથી ધનાઢય મનાતા અંબાણી પરિવારના દીકરાની સગાઈનો મામલો હાલ પ્રચાર માધ્યમોમાં ખૂબ ચમકી રહ્યો છે.ત્યારે મુકેશ અંબાણીનો દીકરો પાલનપુરનો જમાઈ બનવા જઈ રહ્યો હોવાના અહેવાલો બહાર આવ્યા છે.ભારતના સૌથી ધનિક બિઝનેસમેન એવા મુકેશ અંબાણીના દીકરા આકાશ અંબાણીની પ્રિ-એન્ગેજમેન્ટ સેરેમની હાલ દેશભરમાં ચર્ચાની એરણે ચઢી છે.અંબાણી પરિવારના આકાશ અંબાણી અને અંબાણી પરિવારની ભાવિ પુત્રવધૂ શ્લોકા મહેતાની વિધિવત સગાઈ પૂર્વે એકબીજાના પરીચય માટે ગત શનિવારે ગોવાની એક ફાઈવસ્ટાર રિસોર્ટમાં ખાસ સમારંભ યોજાયો હતો. આ સમારોહમાં અંબાણી અને મહેતા પરિવારના સભ્યોએ હળવાશની પળો માણી હતી.આકાશ અને શ્લોકા આગામી ડિસેમ્બર મહિનામાં લગ્નગ્રંથિથી જોડાય તેવા અહેવાલો પણ બહાર



આવી રહ્યા છે.બીજી બાજુ,દેશના સૌથી ધનાઢ્ય પરિવારની લક્ષ્મી બનવા જઈ રહેલી શ્લોકા મહેતા પણ અબજોપતિ પરિવારમાંથી જ આવે છે. શ્લોકા મહેતા મુંબઈની ખ્યાતનામ પેઢી રોઝી બ્લૂ ડાયમંડના માલિક રસેલ મહેતાની નાની દીકરી છે. રસેલ મહેતા હીરા બઝારનું ખૂબ જ જાણીતું નામ છે. વળી,શ્લોકાનો પરિવાર પણ મૂળ ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુર સાથે સીધો સંબંધ ધરાવતો હોવાની વિગતો જાણવા મળી છે.હીરાના વેપારી રસેલ મહેતા બેલજીયમ બેઝડ રોઝી બ્લૂ ડાયમંડના માલિક છે.રસેલ મહેતાની આ કંપની વિશ્વની સૌથી મોટી ડાયમંડ કંપનીઓમાં સ્થાન ધરાવે છે અને તેમની પોતાની રિટેલ બ્રાન્ડ 'ઓરા' પણ ડાયમંડ માર્કેટમાં ખૂબ જાણીતી છે.

આકાશ અંબાણીની જીવનસંગીની બનવા જઈ રહેલી શ્લોકા મહેતાના પિતા રસેલ મેહતા હાલ પરિવાર સાથે સાઉથ મુંબઈમાં રહે છે. તેમની કંપની ભારતની ટોચની છ ડાયમંડ કંપનીઓમાં સ્થાન ધરાવે છે.રસેલ મહેતા મૂળ પાલનપુરના વતની એવા જૈન શ્રેષ્ઠી અરુણકુમાર રમણિકલાલ મહેતાના દીકરા છે.અરુણકુમાર મહેતાએ ૧૯૬૦ના વર્ષમાં મુંબઈના ઓપેરા હાઉસ ખાતે બી. અરુણકુમાર એન્ડ કંપનીની શરુઆત કરી હતી અને આ કંપનીની સ્થસપનામાં જે તે વખતે દીલિપ મહેતાએ ખૂબ મદદ કરી હતી.જેથી બાદમાં આ કંપનીનું રોઝી બ્લૂ ડાયમંડ કંપની તરીકે નામકરણ કરાયું હતું. મૂળ પાલનપુરનો વતની એવો મહેતા પરિવાર હાલમાં પાલનપુરના લક્ષ્મણ ટેકરી વિસ્તારમાં આવેલ બી. અરુણકુમારના નિવાસ સ્થાનમાં ઘણી વખત હજુ પણ રોકાણ કરી બનાસકાંઠામાં અનેકવિધ સેવાકીય કાર્યો કરી માદરે વતન પ્રત્યેનું રુણ અદા કરી રહ્યો છે ત્યારે આકાશ અંબાણી અને શ્લોકા મહેતાની સગાઈ પૂર્વે મહેતા પરિવારનું પાલનપુર કનેક્શન પણ સ્વાભાવિક રીતે જ ચર્ચામાં આવ્યું છે અને મુકેશ અંબાણીનો લાડલો આકાશ અંબાણી પાલનપુરનો જમાઈ બનવા જઈ રહ્યો છે અંબાણી પરિવારની ભાવિ પુત્રવધૂ એવી શ્લોકા મહેતાના પાલનપુર સ્થિત પૈતૃક નિવાસસ્થાનની મુલાકાત કઈ મહેતા પરીવારના પાલનપુર સાથેના સીધા સંબંધની વિગતો જાણવાની કોશિશ કરી હતી.